RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING) સાંધ્ય દૈનિક
mukhyasamachardaily@gmail.com

**સુવિચાર**

અશક્ય ભલે કંઈ ન હોય પણ બધું શક્ય બનાવવું જરૂરી નથી...



યાજ્ઞિક રોડ પર માધવ કોમ્પલેક્ષમાં નામચીન રાકેશ પોપટ સહિત ત્રણ શખ્સોને દબોચી લેતી SMCની ટીમ P-4

Year-16, Issue-272 ■ DATE : 03-03-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયલ - ઈરાન યુધ્ધ વધુ ભીષણ બનવાના સંકેત



## રીયાધમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો ભારે હુમલો : ઈરાને ગલ્ફમાં અમેરિકી મથકોને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યું : ૬ અમેરિકી સૈનિકોના મોત : યુદ્ધની વચ્ચે ઈરાનના ગેરાસમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાના આજે ચોથા દિવસે આ યુદ્ધ વધુ ભીષણ બને તેવા સંકેત છે. એક તરફ ઈરાને ગલ્ફમાં રીયાધમાં અમેરિકી દૂતાવાસ પર દુબઈ સહિતના વિસ્તારોમાં હવે ખુદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કુટુંબની માલીકીની સંપતિઓ પર પણ હુમલા કર્યો છે. ગલ્ફમાં વધુ અમેરિકી સૈનિકોના મોત થયા છે. યુદ્ધની વચ્ચે ઈરાનના ગેરાસમાં ભૂકંપ આવ્યો છે જેની રિક્ટર સ્કેલ પર ૪.૩ની તીવ્રતા નોંધાઈ છે.

તો હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુંકાર કરતા જણાવ્યું છે કે ઈરાને અમારી ચેતવણી માની નથી અને જરૂર પડે અમો ઈરાનમાં સેના પણ ઉતારશું. તેઓએ સીએનએન સાથેની વાતચીતમાં ચેતવણી આપતા જણાવ્યુ કે ઈરાન પર હવે સૌથી મોટો હુમલો કરવા જઈ રહ્યા છે.

અમેરિકાથી વધુ લડાયક વિમાનો ચીનુક હેલીકોપ્ટર તથા લડાયક વિમાનોમાં હવામાંજ ઈંધણ ભરી શકાય તેવા નવ રીફ્યુલર પણ રવાના થયા છે તો બીજી તરફ ઈઝરાયેલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતાનયાહુ એ જારી કર્યુ કે અમો હવે યુદ્ધમાં નિર્ણાયક સ્થિતિ બનાવવા જઈ રહ્યા છે. કોઈ યુદ્ધ અંતવિહીન હોઈ શકે નહી. ટ્રમ્પે ઈરાનમાં સતાપલટા અંગેના યુદ્ધના જવાબમાં વહેલા લશ્કરી પગલા પુરા થયા બાદ તે અંગે જારી કરશે તેવુ જણાયુ હતું.

બીજી તરફ ઈરાને પણ ટ્રમ્પનો પડકાર ઉપાડી લેતા કહ્યું કે અમો તૈયાર છીએ. કોઈપણ હુમલાને પહોંચી વળાશે. ઈરાને રીયાધમાં અમેરિકી રાજદૂત કચેરીને નિશાન બનાવી ડ્રોન હુમલો કર્યો હતો અને રાજદૂત કચેરીમાંથી આગ-ધુમાડા નિકળતા જોવા મળ્યા હતા તો ગલ્ફમાં અમેરિકી મથકો પર રીયાધમાં ડિપ્લોમેટીક કવાટર પણ ઈરાનનું નિશાન બન્યા છે.

મધ્યપુર્વેમાં યુદ્ધ ક્ષેત્ર સતત વધી રહ્યા છે તો બીજી તરફ ઈરાનના ટેકામાં મધ્યપુર્વના અનેક સંગઠનો પણ આવી ગયો છે. ઈરાને હીઝબુલ્લા સાથેનું આક્રમણ તેજ બનાવી દક્ષિણ વૈરૂતમાં ભારે બોમ્બમારો કર્યો છે.

આ યુદ્ધમાં ઈરાનને પણ તેના નાગરિકોની ભારે ખુવારી સહન કરવી પડી હતી. ઈરાનના અબ્બાસ કોનાર્ક પોર્ટ સહિતના નૌ સેના મથકો પર અમેરિકાએ ભારે હુમલા કર્યા હતા અને અનેક ઈરાનીયન જહાજોમાં આગ લાગી છે.

ઈરાને વળતા જવાબમાં બહેરીન જયાં અમેરિકાનું સૌથી મોટુ સૈન્ય મથક છે. તેના પર ભીષણ હુમલા કર્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન યાહુએ હવેના હુમલા ઝડપી અને વધુ તેજ હશે તે જાહેર કર્યુ છે.

**Petrol & Diesel Rate**

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૬/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૬૭/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૭૦,૦૭૦ | ₹૨,૯૫,૦૦૦ |
| | -૪૯૦ | -૨૦,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૮૦ | ₹૧૨૨.૯૯ |

## કર્મચારીને અકસ્માત વળતર આપવામાં વિલંબ થશે તો નોકરીદાતાએ તે ચુકવવું પડશેઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે કર્મચારીઓની તરફેણમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કર્મચારી વળતર કાયદા હેઠળ અકસ્માત વળતર આપવામાં વિલંબ માટે લાદવામાં આવેલ દંડ નોકરીદાતાએ પોતાના ખિસ્સામાંથી ચૂકવવો પડશે, ભલે વળતરની રકમ વીમા દ્વારા આવરી લેવામાં આવતી હોય.કોર્ટે સ્પષ્ટ કર્યુ કે આ કાયદો એક સામાજિક કલ્યાણ કાયદો છે અને કર્મચારીઓના હિતમાં ઉદાર અને ઉદ્દેશ્યપૂર્ણ રીતે તેનું અર્થઘટન થવું જોઈએ.

કેસની સુનાવણી કરતા, ન્યાયાધીશ અરવિંદ કુમાર અને પી.બી. વરાલેની બેન્ચે નોંધ્યું કે સુપ્રીમ કોર્ટે અગાઉ અનેક નિર્ણયોમાં કર્મચારીઓની તરફેણમાં આ કાયદાના ઉદાર અર્થઘટન પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, વળતર સંબંધિત કલમ ૪એ(૩)(બી) હેઠળ દંડ ચૂકવવાની જવાબદારી નોકરીદાતા પર મૂકવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટનો નિર્ણય ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યો હતો જેમાં દિલ્હી હાઈકોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો કે વિલંબિત વળતર ચુકવણી માટે દંડ કંપનીએ ભોગવવો જોઈએ, નોકરીદાતાએ નહીં. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ આદેશને રદ કર્યો.

ચુકાદો આપતાં, બેન્ચે કહ્યું, અધિનિયમના ઉદ્દેશ્યોના નિવેદનનું વાંચન એ સ્પષ્ટ કરે છે કે આ કાયદો સંસદ દ્વારા ઘડવામાં આવેલ સામાજિક કલ્યાણ કાયદો છે, જેનો હેતુ રોજગાર દરમિયાન અથવા રોજગાર દરમિયાન થતા અકસ્માતોના સંદર્ભમાં કર્મચારીઓની ફરિયાદોનું નિવારણ કરવાનો છે. આ હેઠળ, પૂરતું વળતર તાત્કાલિક ચૂકવવામાં આવે છે જેથી કર્મચારી અથવા તેનો પરિવાર ઈજાના કિસ્સામાં કર્મચારીના તબીબી ખર્ચનો ભોગ બની શકે અથવા મૃત્યુના કિસ્સામાં આજીવિકા મેળવી શકે.

૨૦૧૭ માં, એક કર્મચારીનું તેના નોકરીદાતાનું વાહન ચલાવતી વખતે મૃત્યુ થયું હતું.વળતર ન મળતાં, મૃતકના પરિવારે જુલાઈમાં શ્રમ કમિશનરનો સંપર્ક કર્યો.

## મીડલ ઈસ્ટમાં યુધ્ધને કારણે ભારતની મુશ્કેલીમાં વધારો

### ક્રૂડ, પેટ્રોલ-ડીઝલ તેમજ ગેસનો સ્ટોક ઘટયો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન અને ઈઝરાયલ/યુએસએ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષથી ભારતની મુશ્કેલીઓ વધી શકે છે. ભારત તેના મોટાભાગના તેલ અને ગેસની આયાત કરે છે. તેથી, જો પમિ એશિયામાં સંઘર્ષ ચાલુ રહેશે, તો ભારત ઉર્જા સંકટનો સામનો કરી શકે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન યુદ્ધ ઓછામાં ઓછા ચાર અઠવાડિયા સુધી ચાલી શકે છે. પરિણામે, હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ લાંબા સમય સુધી ખોરવાઈ શકે છે. ભારત સરકારે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે આકસ્મિક યોજનાઓ શરૂ કરી છે. આમાં પેટ્રોલ અને ડીઝલની નિકાસ ઘટાડવા, રશિયન ક્રૂડ તેલની આયાત વધારવા અને એલપીજીને રાશન આપવાનો સમાવેશ થાય છે.

ઉદ્યોગના સૂત્રોને ટાંકીને ૮ ના એક અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં ૧૭-૧૮ દિવસ માટે પૂરતો ક્રૂડ ઓઈલનો ભંડાર છે. તેવી જ રીતે, રિફાઈન્ડ ઉત્પાદનો, એટલે કે પેટ્રોલ અને ડીઝલ, પાસે ૨૦-૨૧ દિવસનો સ્ટોક છે, જ્યારે એલએનજી અનામત ૧૦-૧૨ દિવસ સુધી મર્યાદિત છે. ભારત તેના એલએનજીનો લગભગ ૯૦% ગલ્ફ દેશોમાંથી આયાત કરે છે. ભારત તેના કુલ પેટ્રોલનો લગભગ એક તૃતીયાંશ ભાગ, ડીઝલનો એક ચતુર્થાંશ ભાગ અને એટીએફનો અડધો ભાગ નિકાસ કરે છે. આ નિકાસ બંધ કરવાથી દેશમાં તેમની ઉપલબ્ધતા વધી શકે છે.

**ધુળેટી પર્વ નિમિત્તે મુખ્ય સમાચાર કાર્યાલય રજા પાડશે**

આવતીકાલ તા.૦૪-૦૩-૨૦૨૬ને બુધવારના હોળી-ધુળેટી પર્વ નિમિતે મુખ્ય સમાચાર કાર્યાલય રજા પાડશે. જેના પરિણામે કાલનો અંક પ્રસિધ્ધ થશે નહીં. તા.૦૫-૦૩-૨૦૨૬ને ગુરૂવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનકારો, પ્રતિનિધિ તેમજ વિતરકે નોંધ લેવા વિનંતી.

– વ્યવસ્થાપક

## ભારત-રશિયા વચ્ચે મહત્વની સંરક્ષણ ડીલની તૈયારીઓ : પાંચ નવી એસ-૪૦૦ સુદર્શન એર ડિફેન્સ સિસ્ટમ ખરીદશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત-રશિયા વચ્ચે એક મહત્ત્વની સંરક્ષણ ડીલની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ભારત સરહદને વધુ મજબૂત કરવા માટે રશિયા પાસેથી વધુ પાંચ નવા S-400 એર ડિફેન્સ ખરીદવાની તૈયારીમાં છે.

જો ડીલ પર મહોર વાગી જશે તો ભારતના કાફલામાં કુલ ૧૦ S-400 એર ડિફેન્સ સિસ્ટમ આવી જશે. મીડિયા રિપોર્ટ મુજબ ભારત રશિયા પાસેથી આ સિસ્ટમ ખરીદવા માટે ઝડપી પ્રયાસો શરૂ કરી દીધા છે.

આ પહેલા ભારતીય સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા ૧૨ ફેબ્રુઆરીએ અનેક ઐતિહાસિક સંરક્ષણ સોદાઓને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં ભારત રશિયા પાસેથી રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે વિશ્વની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ S-400 માટે વધુ ૨૮૮ મિસાઈલો ખરીદવા પર મહોર મારવામાં આવી હતી. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન -૪૦૦ની પ્રચંડ તાકાત જોઈને સમગ્ર વિશ્વ દંગ રહી ગયું હતું, ત્યારે આ નવી ખરીદી ભારતની આકાશી સરહદોને એક મજબૂત કિલ્લામાં ફેરવી દેશે.

'ઓપરેશન સિંદૂર' દરમિયાન S-400 સિસ્ટમે પાકિસ્તાની વિમાનો અને તેમના સૈન્ય મથકો પર જે રીતે સચોટ પ્રહાર કર્યા હતા, તેનાથી ભારતીય સેનાના આત્મવિશ્વાસમાં મોટો વધારો થયો છે. એ સમયે આ સિસ્ટમે સરહદ પાર ૩૧૪ કિમી સુધી ઊંડે જઈને હુમલો કરી પાકિસ્તાનને પોતાનું એરબેઝ ખસેડવા મજબૂર કરી દીધું હતું.

આ ભવ્ય સફળતાને ધ્યાનમાં રાખીને ભારતીય સેના હવે S-400ના વધુ ૫ સ્ક્વોડ્રન અને રશિયા પાસેથી 'પેન્ટસર' શોર્ટ રેન્જ સિસ્ટમ ખરીદવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જો આ સોદો સફળ થશે, તો ભવિષ્યમાં ભારત પાસે S-400ના કુલ ૧૦ સ્ક્વોડ્રન હશે, જે કોઈપણ ડ્રોન કે મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવીને દેશની સુરક્ષાને અભેદ્ય બનાવશે. S-400 સિસ્ટમ રશિયાએ બનાવી છે. પરંતુ ભારતે કૌશલ્યપૂર્વક તેનો ઉપયોગ કરતાં રશિયા પણ દંગ બન્યું હતું. આ સિસ્ટમમાં ચાર જાતની મિસાઈલનો સમાવેશ કરવામાં આવે છે.

## સાળંગપુર મંદિરમાં ગુજરાતનો સૌથી મોટો રંગોત્સવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સહિત દેશભરમાં હોળી-ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. એવામાં આજે સાળંગપુરમાં કષ્ટભંજન દેવ મંદિરમાં 'દિવ્ય રંગોત્સવ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં દેશ-વિદેશથી દોઢ લાખથી વધુ ભક્તો જોડાયા અને ભક્તિના રંગે રંગાયા.

આ વર્ષે ઉત્સવની વિશેષતા એ હતી કે ભક્તોની ત્વચાને નુકસાન ન થાય તે માટે છોટાઉદેપુરથી ખાસ ઑર્ડર આપીને ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગો તૈયાર કરાયા હતા. ગુલાબી, લાલ, પીળો અને નારંગી જેવા સાત પ્રકારના રંગો અને ૧૦૦૦ કિલો તાજા ફૂલોની વર્ષાથી સમગ્ર મંદિર પરિસર રંગીન બની ગયું હતું. હનુમાનજી દાદાને પણ પંચરંગી વાઘા અને રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. રંગોત્સવની શરુઆત હનુમાનજીની આરતી અને હનુમાન ચાલીસા કરીને કરવામાં આવી હતી.

## પેટ્રોલ - ડિઝલના ભાવ વધશે નહી




ખાડીના દેશમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ક્રુડતેલના ભાવ ૮૦ ડોલર પ્રતિબેરલ પહોચતા દેશમાં ચિંતા વધી છે પણ સરકાર પરીસ્થિતિ સંભાળી લેવાનો વિશ્વાસ અને તૈયારી દર્શાવે છે તથા હાલ ક્રુડતેલના ભાવમાં વધારો છતા ગેસ-પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો થશે નહી. સરકારના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ મોંઘા ક્રુડતેલ અને રૂપિયો મોંઘો બનતા અને લોજીસ્ટીક ખર્ચ વધતા ક્રુડતેલની પડતર મોંઘી પડશે પણ જે કંઈ ખોટ સર્જાશે તે રીફાઈનરીઓ તથા ઓઈલ કંપનીઓ અને સરકાર ભોગવી લેશે. લોકો પર કોઈ બોજો આવે નહી તે નિશ્ચિત કરશે. આમેય હવે આગામી સમયમાં ચુંટણીઓ આવી રહી છે તેથી સરકારને પેટ્રોલ-ડિઝલ તથા ગેસના સીધા ભાવવધારો રાજકીય રીતે પોષાય તેમ નથી.

## આજે વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ : આ ગ્રહણ પૂર્વ એશિયા, પેસિફિક, અમેરિકા અને ભારતમાં દેખાશે



**મુખ્ય સમાચાર, મુંબઈ**

હોળી અને ધૂળેટી પર્વની ઝાકમઝોળ વચ્ચે આજે મંગળવારે સિંહ રાશિ અને પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ થશે. હિન્દુ શાષો, પંચાગ અને વૈજ્ઞાનિક રીતે ભારે મહાત્મ્ય ધરાવતું ચંદ્રગ્રહણ ભારત દેશમાં દેખાવાનું હોય શહેરીજનોમાં ભારે કુતૂહલ જોવા મળી રહ્યું છે. આ ગ્રહણ પૂર્વ એશિયા, પેસિફિક, અમેરિકા અને ભારતમાંથી દેખાશે, જ્યોતિષીઓના મત મુજબ, બપોરે ૨:૧૪ વાગ્યે મહણ સ્પર્શ થશે. બપોરે ૩:૦૩ વાગ્યે ગ્રહણ મધ્ય અને ૫.૪૭વાગ્યે ગ્રહણ મોક્ષ થશે. મહણ ભારતમાં દેખાવાનું હોય વેધ, સૂતક ૯:૨૦ પાળવાનું રહેશે. સવારે વાગ્યાથી સૂતક કાળ શરૂ થશે અને સાંજે ૬:૪૫ વાગ્યે સૂતક કાળ પૂરો ધશે, સૂતકકાળ વેળાએ પૂજા-પાઠ સહિતના શુભ કાર્યો વર્જિત ગણવામાં આવે છે,

સૂતક કાળ અને મહણ સ્પર્શ સાથે જ વિવિધ મંદિરોના દ્વાર ભક્તો માટે બંધ કરી દેવાશે. જોકે, મહણ વેળા નવ ગૃહ મંત્ર જાપ, ધાર્મિક ગ્રંથનું પઠન ફળદાયી નીવડે છે. વધુમાં, બુધવારે વહેલી સવારે આરતી સાથે કરી દર્શનકાર્ય શરૂ થશે. ગ્રહણ હોવાને કારણે ધૂળેટી પર્વ બુધવારે ઉજવાશે.

જ્યોતિષીના મત મુજબ, કુંડળીના દ્રષ્ટિકોણથી મેષ, કર્ક, સિહ, કુંભ, મીન રાશિના જાતકોએ સાવધાની. તકેદારી રાખવાની જરૂરિયાત ઊભી થશે. કર્ક રાશિના લોકોએ સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું, નાણાકીય ચિતા વધી શકે. સિહ રાશિ જાતકો જીવનસાથી સાથે તણાવ અનુભવી શકે. જીવનસાથી સંબંધિત સ્વારથ્યની ચિંતા રહી શકે. મેષ રાશિ જાતકો માટે નાણાકીય મુશ્કેલી, સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો ઊભા થઈ શકે. મીન, કુંભ રાશિના જાતકોએ પણ વિવિધ પ્રશ્નોએ સાવધ રહેવું પડશે. જ્યારે વૃકિ રાશિના જાતકોએ સ્વાસ્થ્ય પ્રત્યે તકેદારી અને ધન રાશિજાતકોએ વાણી પર સંયમ રાખવો પડશે.

જોતા તુલા રાશિના દિવસો સારા રહેશે. ભાગ્યનો સંપૂર્ણ સહયોગ મળશે અને સંબંધોમાં ખુશી અનુભવાશે. કન્યા રાશિના ભાગ્યના નવા રસ્તા ખુલશે અને જીવનસાથી તરફથી ટેકો મળશે. વૃષભ રાશિ માટે મિલકત ખરીદવા. નાણાકીય પ્રગતિના યોગ વધશે. નવો વેપાર-ધંધો, રોજગાર શરૂ કરવા ઉત્તમ સમય રહેશે. મિથુન રાશિ જાતકો માટે સબંધોમાં સરળતા અને મૈત્રીપૂર્ણ સ્થિતિ સર્જાશે. સંબંધીઓ તરફથી સારો સહયોગ મળશે. જોકે, એક-બે મહિના સાવધ રહેવાનો પ્રર્યાસ કરવો. મકર રાશિ જાતકો વ્યવસાયનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરશે. નાણાકીય દ્રષ્ટિકોણથી મજબૂત સમયગાળો રહેશે.

## ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુધ્ધને પરિણામે ખોરવાયેલી હવાઈ સેવા ધીરે ધીરે શરૂ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે છેલ્લા કેટલાય દિવસથી ખોરવાઈ ગયેલી હવાઈ સેવાઓ ધીરે ધીરે ટ્રેક પર આવી રહી છે. ઈન્ડિગોએ જેહાદમાં ફસાયેલા ભારતીયોને ભારતમાં લાવવા માટે આજે ૧૦ જેટલી ખાસ રાહત ફલાઈટો ચાલુ કરી દીધી છે.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે છેલ્લા કેટલાક દિવસોથી ખોરવાયેલી હવાઈ સેવાઓ હવે ધીરે-ધીરે પાટા પર આવી રહી છે. દુબઈ અને અબુ ધાબીમાં આજ સાંજથી મર્યાદિત સંખ્યામાં ઉડાનો શરૂ થઈ હોવાનો દાવો છે, જેનાથી એરપોર્ટ અને હોટલોમાં ફસાયેલા હજારો મુસાફરોને મોટી રાહત મળશે.

દુબઈ મીડિયા ઓફિસના જણાવ્યા પ્રમાણે ફ્લાયદુબઈ ૦૨ માર્ચ ૨૦૨૬ની સાંજથી મર્યાદિત ફ્લાઈટ્સ ઓપરેટ શરૂ કરી છે. એરલાઈને મુસાફરોને સલાહ આપી છે કે તેઓ એરપોર્ટ પર આવતા પહેલા પોતાની ફ્લાઈટનું સ્ટેટસ ઓનલાઈન ચેક કરી લે અને 'મેનેજ બુકિંગ' દ્વારા પોતાની વિગતો અપડેટ રાખે.

બીજી તરફ, એમિરેટ્સ એરલાઈન્સે પણ સ્પષ્ટતા કરી છે કે, 'હાલ પૂરતી મર્યાદિત સેવાઓ જ શરૂ કરી રહ્યા છે. જે મુસાફરોએ અગાઉથી બુકિંગ કરાવ્યું છે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે. જે લોકોએ હાલ ફરી બુકિંગ કર્યું છે તેમનો સંપર્ક સામેથી કરવામાં આવશે.

એરલાઈને મુસાફરોને અપીલ કરી છે કે જ્યાં સુધી એરલાઈન સામેથી સંપર્ક ન કરે ત્યાં સુધી એરપોર્ટ પર ભીડ ન કરવી. એમિરેટ્સ ભવિષ્યના ઓપરેશનલ શેડ્યૂલ તૈયાર કરશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં શ્રદ્ધા પૂર્વક હોલિકા દહન સંપન્ન




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ફાગણ સુદ પૂનમના પવિત્ર દિવસે જુદા જુદા સ્થળોએ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે હોલિકા દહનનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. સાંજે આઠ વાગ્યા પછી વિભિન્ન વિસ્તારોમાં સાર્વજનિક હોળી પ્રગટાવવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉમટી પડી દર્શન તથા પૂજનનો લાભલીધો હતો. લોકોએ હોળીની પ્રદક્ષિણા કરી પવિત્ર અગ્નિમાં શ્રીફળ અને ધાણી-મમરા હોમી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી.

આ પર્વ પાછળની પૌરાણિક માન્યતા મુજબ, અસુરરાજ હિરણ્યકશ્યપે પોતાના પુત્ર અને પરમ વિષ્ણુ ભક્ત પ્રહલાદને મારી નાખવા માટે બહેન હોલિકાની મદદ લીધી હતી. હોલિકા પાસે વરદાનરૂપી રક્ષાકવચ સમાન ચૂંદડી હતી, જે ઓઢીને તે પ્રહલાદને ખોળામાં બેસાડી અગ્નિ પર બેઠી હતી.

પરંતુ ઈશ્વરીય ચમત્કાર અને વાયુદેવની કૃપાથી તે ચૂંદડી ઉડીને ભક્ત પ્રહલાદ પર વીંટળાઈ ગઈ હતી, પરિણામે ભક્તનો બચાવ થયો અને ખુદ હોલિકા અગ્નિમાં ભસ્મીભૂત થઈ.ગઈ હતી. આ ઘટનાની યાદમાં દર વર્ષે અનિષ્ટ પર ઈષ્ટના વિજય તરીકે હોળી ઉજવાય છે. રાત્રે ભક્તિમય માહોલમાં હોલિકા દહન થયા બાદ આજે ધોકો છે, જયારે આવતીકાલ એટલે કે ગુરૂવારે રંગોત્સવ એટલે કે ધૂળેટીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. અધર્મ પર ધર્મની જીતની ખુશીમાં લોકો સવારથી જ અબીલ-ગુલાલ અને વિવિધ રંગો ઉડાડી, નાચ-ગાન એક બીજાને શુભકામના પાઠવી રહ્યા છે.

# જામનગરમાં હોળી-ધૂળેટીના તહેવારોમાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પડાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

હુતાસણી અને ધૂળેટીના તહેવારોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોય છે. આ તહેવારો દરમિયાન જાહેર જનતાની સુરક્ષા, સુલેહ-શાંતિ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી જામનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ. એમ. કાથડ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.આ જાહેરનામા મુજબ તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૨૪ કલાક સુધી સમગ્ર નિયત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ અન્ય કોઈની ઈચ્છા વિરુદ્ધ તેના પર રંગ છાંટવો નહીં. આ ઉપરાંત, કોઈની લાગણી દુભાય તેવા શબ્દો બોલવા નહીં, સૂત્રો પોકારવા નહીં કે તેવી પત્રિકા, પ્લેકાર્ડ અથવા વિચિત્ર આકૃતિઓ અને વસ્તુઓ તૈયાર કરવી નહીં કે તેનો ફેલાવો કરવો નહીં.

તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આવા કિસ્સામાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જામનગર વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને કાયદાનું પાલન કરી સુરક્ષિત રીતે તહેવારોની ઉજવણી કરવા અપીલ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના સોયલ અને બેડ ગામના ટોલટેક્સ પ્લાઝા પરથી પસાર થતા વાહનો માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

કેન્દ્ર સરકારના વાયેબીલીટી ગેપ ફંડિંગ યોજના હેઠળ સમાવિષ્ટ એલ.એન્ડ ટી. રાજકોટ-વાડીનાર ટોલ-વે લિમિટેડને નિયત કરેલા વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જે પૈકી, જામનગર જિલ્લામાં જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ પાસે ટોલ પ્લાઝા આવેલા છે. ઉપરોક્ત ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો પણ ધરાવે છે. આવા વાહન ધારકો સરકારના જાહેરનામાંનો અમલ ના કરીને નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના બનાવો બનેલા છે.

તેમજ, ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજય બહાર પણ નાસી જતા હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ, કેટલાક લોકો ટોલ પ્લાઝાના નજીકમાં આવેલી તેમની જમીનમાં થઈને વાહનોને ટોલગેઈટમાંથી પસાર થવું ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે.તેથી આવા બનાવો નિવારી શકાય તે હેતુથી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.એમ.કાથડ, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ પાસે આવેલા ટોલનાકાઓ પરથી પસાર થતા ટોલટેક્સ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનું વાહન ટોલપ્લાઝાની નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા રાજ્ય સરકારે નક્કી કરેલો ટોલ ટેક્ષની ચુકવણી બાદ તેની પહોંચ મેળવી લેવી. જો નિયમાનુસાર મુક્તિ મળવા પાત્ર હોય, તો તે અંગેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી,એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.આ ટોલનાકાઓ નજીક આવેલી જમીનના માલિકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલિકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈપણ બાયપાસ પ્રકારનો રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાંઓથી જે વાહનોને ટોલટેકસ ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલી હોય, તો તેવા વાહનચાલકોને આ જાહેરનામાંની જોગવાઈ લાગુ પડશે નહી.ઉક્ત પ્રતિબંધાત્મક હુકમ આગામી તા. ૨૯/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના કોઈપણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સહિતા ના ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

# ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સર્વાઈકલ કેન્સર સામેની દેશવ્યાપી ચળવળનો આજથી જામનગરમાં થયો પ્રારંભ




**મુખ્ય સમાચાર, જામનગર**

મહિલાઓમાં સર્વાઈકલ કેન્સરના વધતા જતાં કેસીસને ધ્યાનમાં રાખીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશભરના વિશેષ ઝુંબેશ ચલાવવા માટેનું આહવાન કર્યું છે, જેના ભાગરૂપે સરકારે એક ઐતિહાસિક સ્વાસ્થ્ય પહેલની તમામ તૈયારી કરી લીધી છે. સરકાર દ્વારા આજથી દેશભરમાં છોકરીઓ માટે હ્યુમન પૈપિલોમા વાયરસ (એચ.પી.વી.) વેક્સિનેશનનું રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂં કરવામાં આવ્યું છે.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સર્વાઈકલ કેન્સરને મૂળમાંથી ખતમ કરવાનો છે, કે જે ભારતમાં મહિલાઓને થતું બીજું સૌથી સામાન્ય કેન્સર છે. આ યોજના અનુસાર પ્રથમ તબક્કામાં શાળામાં ભણતી સર્વાઈકલ કેન્સર પીડિત બાળાઓને ટાર્ગેટ કરવામાં આવશે. જ્યારે આ વેક્સિનેશન શાળાઓ અને સ્વાસ્થ્ય કેન્દ્રોના માધ્યમથી મફતમાં આપવામાં આવશે.


તજજ્ઞોના મતે આ વયમાં વેક્સિન લેવાના કારણે વાયરસ સામે સૌથી પ્રભાવશાળી સુરક્ષા મળે છે, કેમ કે સર્વાઈકલ કેન્સરના લગભગ ૯૦ ટકા કેસ એચપીવી વાયરસના સંક્રમણના કારણે થાય છે.

આ અતિ મહત્વના આરોગ્ય લક્ષી અભિયાન જામનગર શહેરમાં ધારા-સભ્ય દિવ્યેશ અકબરીની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો છે. જામનગર મહાનગરપાલિકા સંચાલિત નીલકંઠ નગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા આજે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, આ વેળાએ ધારાસભ્ય દિવ્યેશ અકબરીની સાથે જામનગર મહાનગરપાલિકાના, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા,કોર્પોરેટર પાર્થભાઇ કોટડીયા તથા આરોગ્ય વિભાગની ટીમ સાથે જોડાઈ હતી, અને 'મારી દીકરી મારું ગૌરવ' અને 'આજે એક રસી, કાલે જીવનભરનું રક્ષણ' ના સૂત્ર સાથે આ મહા અભિયાન નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# વાંકાનેરના જામસર ગામે વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી સાથે એક પકડાયો

વાંકાનેર તાલુકાના જામસર ગામથી જામસર ચોકડી જવાના રસ્તે પ્રાથમિક શાળા પાસે આવેલ વાડીમાં આરોપી દશરથભાઈ ઉર્ફે સવજીભાઈ લાલજીભાઈ શીંહોરા રહે. રાતાવીરડા તા.વાંકાનેર વાળો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચકાવતો હોવાની મળેલ બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસે ઉપરોક્ત વાડીમાં રેઈડ કરી હતી. જ્યાં ૧૦૦ લીટર ગરમ આથો કિ.રૂ.૨,૫૦૦/-, ૩૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૭,૫૦૦/-, ૧૫ લીટર ગરમ દેશી દારૂ કિ.રૂ.૩,૦૦૦/-તથા દેશી દારૂ બનાવવાની સાધન સામગ્રી સહિત કુલ રૂ.૧૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી દશરથભાઈ શીંહોરા ઉવ.૩૦ વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રૂ. ૯.૫૮ કરોડના ખર્ચને બહાલી અપાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રૂ. ૯.૫૮ કરોડના ખર્ચને બહાલી અપાઈ છે. તે પૈકી રૂ. ૪૮.૦૭ લાખના ખર્ચે ખરીદી થશે. જયારે દિગ્જામ મીલથી મહાકાળી મંદિર વચ્ચેના સર્કલના નિર્માણ કરવાની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરાયો છે.જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૯ કરોડ ૫૮ લાખની રકમના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.ચેરમેન અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૧ સભ્યો ઉપરાંત, કમિશનર ડી.એન.મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશનર વ.. મુકેશ વરણવા, ઇચા. આસી. કમિશનર ટેક્ષ.જીજ્ઞેશ નિર્મલ વગેરે હાજર રહ્યા હતા.શહેરની ભુગર્ભ બોક્સ ગટરની સફાઈ કામગીરી માટે પાવર બકેટ મશીન દ્વારા સફાઈ કરવાના કામ અંગે રૂ. ૨૪.૩૧ લાખ, જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તકના યુપીએચસીની વિવિધ કામગીરી માટે મારૂતી ઈકો વાહન ૬ નંગ ભાડેથી સપ્લાય કરવાના કામ અંગે રૂ. ૧૮.૦૯ લાખ, સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝના સ્ટેચ્યુ સુધી ફલાયઓવર બ્રીજ બનાવવાના કામે ટેન્ડર કલોઝ તથા રાજય સરકારના જી.આર.મુજબ સ્ટાર રેઈટ, જી.એસ.ટી. ડીફરન્સ અને પ્રાઈઝ એસ્કેલેશન અંગે રૂ. ૫૯૩.૮૨ લાખનું ખર્ચ મંજૂર કરાયુ છે.જામનગર શહેરના દિગ્જામ મીલ તથા મહાકાળી મંદિર વચ્ચે આવેલ સર્કલનું નિર્માણ કરવાના અંગ રજુ થયેલ દરખાસ્ત અન્વયે દરખાસ્તની વિગતે સૈદ્ધાંતિક સ્વીકાર ભલામણ સાથે જનરલ બોર્ડમાં મુકવાનું મંજુર કરાયું હતું.પ્રોવાઈડીંગ એન્ડ સપ્લાઇંગ ઓફ ૧૦૦ એમ.એમ.ડાયા થી ૯૦૦ એમ.એમ.ડાયા સુધી સી.આઈ. સ્લુઝ વાલ્વઝ ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઈન જામનગર સીટી એરીયાના કામ અંગે રૂ. ૭૯.૭૪ લાખ, શહેર ઝોન-૧માં જુદી-જુદી જગ્યા એ ડી.આઈ. પાઈપ લાઈન નાખવાના મજુરી કામ અંગે રૂ. ૭૮.૦૫ લાખ, વોર્ડ નં. ૧૧ લાલવાડી વિસ્તાર સંસ્કારધામ સોસાયટી, શિતવન સોસાયટી, ગીરીરાજ સોસાયટી શેરી નં. ૪, મહાપ્રભુજી બેઠક પાછળ શ્રીજી સોસાયટી તથા વૃજ વલ્લભભાઈ સોસાયટીની આંતરિક શેરીઓમાં સી.સી. રોડના કામે વધારાના કામ માટે રૂ. ૪૮.૪૯ લાખ , આઉટ ગ્રોથ એરીયાની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં. ૮, રે. સર્વે નં. ૧૬થી રે. સર્વે નં. ૧૩૫૦ સુધી રેલ્વે લાઈનને પેરેલલ કનસુમરા ગામ તરફ જતા સી.સી. રોડના કામ ૧૮. મી. ડી.પી. રોડ.ના વધારાના કામ અંગે રૂ. ૧૪.૩૨ લાખ,આંતરમાળખાકીય સુવિધાની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં. ૧૦ . ૧૧ રાજપાર્ક કૈલાસ પાર્કથી પેટ્રોલ પમ્પથી નંદ કિશોર એપાર્ટમેન્ટના ખુણા સુધી ડીવાઈન હોસ્પીટલ પાસેનો રોડ સી.સી. રોડના કામ અંગે રૂા. ૩૨.૬૧ લાખ,વોર્ડ નં. ૧૫, મથુરાનગર શેરી નં. ૧ થી ૧૨ સુધી મેઈન રોડમાં સી.સી. રોડના કામ અન્વયે કાર્યપાલક ઈજનેર સિવિલ શાખાની રજુ થયેલ નોંધ અન્વયે સ્થળ ફેરફાર કરવાના કામોને મંજુરી આપવામાં આવી હતી.વોર્ડ નં. ૧૦ માં ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટ કે.વી. રોડમાં ડોમ ટાઈપ કોમ્યુનીટી હોલ બનાવવાના કામ અંગે રૂ. ૧૦.૬૦ લાખ, ગાર્ડન શાખા દ્વારા અર્બન ફોરેસ્ટ પ્રોગ્રામ અંતર્ગત રોપાઓની ખરીદી કરવાના કામ અંગે રૂ. ૪૮.૦૭ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.હાઈડ્રોલીક ટ્રીમીંગ મશીન ખરીદ કરવા અંગે સૈધ્ધાંતિક મંજુરી અન્વયે દરખાસ્તની વિગતે સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી.સિવિલ શાખા સાઉથ ઝોન વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન કેનાલ બ્રિજ વર્કસના કામે વધારાના કામ અંગે રૂા. ૫ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. એસ્ટેટ શાખાની જરૂરિયાત મુજબ ડિમોલીશનની કામગીરી માટે ટ્રેક્ટર વીથ ટ્રોલી ભાડા થી સપ્લાય કરવાના કામ માટે વાર્ષિક રૂા. ૪.૬૩ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.

# શહેરી ઘરવિહોણા લોકો માટે મોરબી મનપાની નાઈટ-ડ્રાઈવ ૩૩ લોકોનું આશ્રયગૃહમાં સ્થળાંતર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા રાત્રિ દરમિયાન નાઈટ-ડ્રાઈવ યોજી ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોને કાઉન્સેલિંગ કરી આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ અભિયાન દરમિયાન ૩૩ લોકોને પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા.

શહેરના ઘરવિહોણા અને નિરાધાર લોકોને ઠંડીની ઋતુમાં આરોગ્ય પર પ્રતિકૂળ અસર ન થાય તે હેતુસર મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા તા.૨૮/૦૨ના રોજ રાત્રે વિશેષ નાઈટ-ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. કમિશ્નર અને નાયબ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ શાખાના અધિકારીઓ તેમજ સંસ્થાના સ્ટાફ દ્વારા ફૂટપાથ અને જાહેર સ્થળોએ રહેતા લોકોની સ્થળ પર મુલાકાત લઈ તેમને આશ્રયગૃહમાં રહેવા માટે સમજાવટ અને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

મોરબી ખાતે આવેલ મહારાણીશ્રી નંદકુંવરબા



આશ્રયગૃહમાં ઘરવિહોણા લોકોને નિઃશુલ્ક રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ આશ્રયગૃહનું સંચાલન શ્રી સિદ્ધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ઉપરોક્ત નાઈટ-ડ્રાઈવ દરમિયાન કુલ ૩૩ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે તબદીલ કરવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકા દ્વારા વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં જમીન દલાલની હત્યા મામલે કડક કાર્યવાહીની માંગ સાથે મિયાણા મુસ્લિમ સમાજે આવેદન આપ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટીની નિર્મમ હત્યાના બનાવ બાદ મિયાણા મુસ્લિમ સમાજની વિવિધ સંસ્થાઓએ કલેક્ટર અને પોલીસવડાને આવેદન પાઠવી આરોપીઓ સામે કડક કાર્યવાહી તેમજ જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી છે.

મોરબીમાં જમીન દલાલ તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટીની હત્યા પ્રકરણને લઈને શહેરમાં રોષ વ્યાપ્યો છે. તાજેતરમાં તેમની હત્યા કરી લાશ સળગાવી જમીનમાં દાટી ઉપર સિમેન્ટ-કોન્ક્રીટનું ધાબું ભરી દેવાના ગંભીર આરોપો સામે આવ્યા હતા. આ કેસમાં પોલીસે પાંચ આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે બે આરોપીઓ હજુ સુધી પકડાયા નથી. આ ઘટનાને લઈ સુન્ની મુસ્લીમ કસબા જમાત-મોરબી સહિત મિયાણા મુસ્લિમ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા મોરબી જીલ્લા કલેક્ટર કચેરી અને મોરબી જીલ્લા પોલીસને આવેદન પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે ક્રૂર હત્યાના આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવે જેથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ આવી શકે અને ભવિષ્યમાં આવા કૃત્યો કરતા પહેલા આરોપીઓ હજાર વખત વિચારે. સાથે જ આરોપીઓને કડકમાં કડક સજા થાય તેમજ સમગ્ર કેસમાં પારદર્શક અને નિષ્પક્ષ તપાસ થાય તેવી માંગણી કરવામાં આવી છે. આવેદનમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સરકારી મિલકત વિસ્તારમાં અપહરણ જેવી ઘટના બનવી એ પણ ગંભીર મુદ્દો છે અને શહેરમાં વધતી ગુનાહિત પ્રવૃત્તિઓ અંગે કડક પગલાં લેવામાં આવે.

# કૈલાશ ફરસાણ મા મધરાત્રે લાગેલી વિકરાળ આગ જો સવારે કે સાંજ ના સમયે લાગી હોત તો ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ પાર્ટ ટુ બની જાતઃ પાણેરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત મોડી રાત્રે અંદાજે સાડા ત્રણ વાગ્યા આસપાસ યુનિવર્સિટી રોડ પર આવેલ પોશ વિસ્તાર પંચાયત નગર ચોક ખાતે કૈલાશ ફરસાણ નામની દુકાન મા વિકરાળ આગ ભભૂકી ઉઠી , સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ આ આગ લાગવાની દુર્ઘટના જો સવારે કે સાંજે બની હોત તો અનેક વાહનો આગ ની ઝપેટ મા આવી ગયા હોત અને કદાચ કેટલીય નિર્દોષ જીંદગીઓ પણ હોમાઈ ગઈ હોત તેમ કોંગ્રેસના પ્રવકતા તુષીત પાણેરીએ જણાવ્યું હતું.જેનું મુખ્ય કારણ કોટેચા ચોક થી લઈને પંચાયત નગર ચોક સુધી ના મુખ્ય જાહેર માર્ગો પર લારી વાળા છકડા વાળાઓ ના બેફામ દબાણો. યુનિવર્સિટી રોડ પર કોટેચા ચોક થી લઈને પંચાયત નગર ચોક અને એસ એન કે સ્કૂલ ના ચોક સુધી મુખ્ય રોડ ની બન્ને બાજુ લારી ગલ્લા વાળા કેરી સંતરા મોસંબી વેચતા છકડા વાળા તેમજ અમુક પાન ની દુકાનો ચા હોટલો વાળા ફાસ્ટફૂડ પાર્લર વાળાઓ એ પાર્કિંગ ની મૂકેલી જગ્યા મા પણ દબાણો કર્યા છે , પરિણામે રોડ પર ટ્રાફિક ની સમસ્યા ઉદભવે છે અને પીક અવર્સ મા એક ગીચ માહોલ સર્જાય છે . .

વધુમાં આ કૈલાશ ફરસાણ ની દુકાન મા આગ લાગી તેની બરાબર સામે શીતલ ટ્રાવેલ્સ અને રામરાજ ટ્રાવેલ્સ ની બસો રાત્રિના સમયે ગેરકાયદેસર રીતે ઊભી રહે છે , આ બન્ને ટ્રાવેલ્સ ની બસો સવાર થી લઈને સાંજ સુધી પંચાયત નગર ચોક મા ગમે ત્યાં આડેધડ પાર્ક થયેલી જોવા મળે છે , બસ ની ફ્યુઅલ ટેન્ક મા પેટ્રોલ કે ડીઝલ નો મોટો જથ્થો હોય છે જો આગ ની ઝપેટ મા બસ આવી જાય તો જાણે બોમ્બ ફાટે તેવી સ્થિતી સર્જાય શકે અને કેટલા જીવ જાય તે ભગવાન જાણે . .

આ મુદ્દે અસંખ્ય વાર રાજકોટ મહાનગર પાલિકા કમિશનર ને લેખિત ટેલિફોનીક રજૂઆતો કરી , સ્થાનિક કોર્પોરેટરો ને માહિતગાર કર્યા પરંતુ આ લારી ગલ્લા છકડા ના દબાણો હજી જેમ ના તેમ જ છે તેમજ શીતલ ટ્રાવેલ્સ અને રામરાજ ટ્રાવેલ્સ ની બસો પણ મુખ્ય રસ્તાઓ પર ગેરકાયદેસર રીતે ઊભી રહે છે .

એટલે જ આ આગ જો સવારે કે સાંજે લાગી હોત તો કેટલી હદે જાનમાલ નું નુકસાન થયું હોત તે વિચારવું જ રહ્યું. રાજકોટ મહાનગર પાલિકા નું બુડથલ તંત્ર આ લાલબત્તી સમાન ઘટના માંથી શીખ લે , યુનિવર્સિટી રોડ પરના દબાણો તત્કાલ દૂર કરી રસ્તે નીકળતા નિર્દોષ લોકો ના જીવ ની સલામતી જાળવે તેવી વિનંતી તેઓએ કરી હતી.

# મોરબીમાં નવયુગ સંકુલમાં નેશનલ સાયન્સ ડેની ઉજવણી, વિદ્યાર્થીઓએ રજૂ કર્યા વૈજ્ઞાનિક મોડેલ્સ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં નવયુગ સંકુલ વિરપર ખાતે નેશનલ સાયન્સ ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ઓર્ગેનિક ખેતીથી લઈને આધુનિક ટેકનોલોજી સુધીના વિવિધ વિષયો પર વૈજ્ઞાનિક મોડેલ્સ રજૂ કરી પોતાની પ્રતિભા દર્શાવી હતી.

મોરબીના વિરપર સ્થિત નવયુગ સંકુલમાં નેશનલ સાયન્સ ડેની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વૈજ્ઞાનિક કૃતિઓ અને પ્રોજેક્ટ્સનું પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમ દરમિયાન ઓર્ગેનિક ખેતી, વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, આરોગ્ય સંબંધિત મુદ્દાઓ તેમજ આધુનિક ટેકનોલોજી જેવા વિષયો પર



આધારિત મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના પ્રયોગો અને મોડેલ્સ દ્વારા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સર્જનાત્મકતા પ્રગટ કરી હતી. પ્રિન્સિપાલ રાવલ સરના માર્ગદર્શન હેઠળ તથા તમામ વિજ્ઞાન વિષયના શિક્ષકોના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. પ્રેરણાસ્ત્રોત તરીકે પી.ડી. કાંજીયા સર, બળદેવ સર તેમજ વિવિધ વિભાગીય વડાઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વૈજ્ઞાનિક ચિંતનશક્તિ વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.

# માળીયા(મી)માં મોવર ટીંબા પાછળ દેશી દારૂ ગાળવાની બંધ ભઠ્ઠી ઝડપાઈ, આરોપી ફરાર

## ૩૪૦૦ લીટર આથો અને ૧૦૦ લીટર દેશી દારૂ સહિત ૧.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)માં મોવર ટીંબા પાછળ નદીના કાંઠે રેઈડ કરી ૩૪૦૦ લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો તેમજ ૧૦૦ લીટર દેશી દારૂ સહિત રૂ.૧,૦૫,૦૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે આરોપી બિલાલભાઈ દાઉદભાઈ ભટ્ટી રહે. મોરબી વીસીપરા વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે આરોપી વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





તસ્વીર : ગૌરવ લશ્કરી





# સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠેર ઠેર હોલિકાદહનની ભક્તિપૂર્વક ઉજવણી : કાલે રંગોનું પર્વ ધુળેટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં મનની અશુધ્ધિઓને ભસ્મ કરતું પર્વ હોલીકાદહન ગઇકાલે વિધિવિધન સાથે ઉજવાયું. ઠેર ઠેર હોલિકાદહનમાં લોકોએ દર્શન કરીને પરિવારના સભ્યો માટે સ્વાસ્થ્યની મંગલકામના કરી હતી. આવતીકાલે રંગોનું મહાપર્વ ધુળેટીની ઉજવણી થશે.

રાજકોટમાં ગઇકાલે યુનિવર્સિટી રોડ પર આવેલ સંગમ સોસાયટીમાં ફરતી હોલીનું આયોજન કરાયું હતું. આ હોલીમાં લેઝરશોનું પણ આયોજન કરાયું હતું. બાળકોને રમવા માટે અલગ અલગ આયોજ કરાયા હતા. છેલ્લા ૧૭ વર્ષથી આ આયોજન કરવામાં આવે છે. તેમઃ સંગમ સોસાયટી સ્વસ્તિક ગ્રુપ દ્વારા કરવામાં આવે છે.

રાજકોટના ઉદ્યોગનગરમાં હોલિકામાંની ફરતી હોળીનું આયોજન કરાયું હતુ. છેલ્લા ૬૦ વર્ષથી અલગ-અલગ થીમ પર હોળી બનાવાય છે. આ વર્ષે ફુલના ડેકોરેશન અને હોલિકા માનો પૂતળું ફરે તવી હોળી લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# “બેટી બચાવો, બેટી પઢાવો” અંતર્ગત ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

## રાજકોટથી ઉઠ્યો દીકરી સશક્તિકરણનો શંખનાદઃ બાલિકા પંચાયત તાલીમથી ગામડાંમાં શરુ થશે નેતૃત્વની નવી ક્રાંતિ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રાજકોટ દ્વારા ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ અંતર્ગત બાલિકા સશક્તિકરણને વધુ ગતિ આપવા માટે જિલ્લા કક્ષાએ ‘‘બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ’’ અંગે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. તાલીમનો મુખ્ય હેતુ બાલિકા પંચાયત મોડ્યુલની સંકલ્પના, તેની કામગીરી અને ગ્રામ્ય સ્તરે તેની અસરકારક અમલવારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવાનો હતો.

કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ માત્ર એક યોજના નથી, પરંતુ સમાજમાં દીકરીઓ પ્રત્યેના દષ્ટિકોણમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો રાષ્ટ્રીય સંકલ્પ છે. દીકરીઓના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા સાથે તેમની નેતૃત્વ ક્ષમતા વિકસાવવી આજના સમયની આવશ્યકતા છે.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી જનકસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ તાલીમથી જિલ્લા સ્તરે તાલીમપ્રાપ્ત કર્મચારીઓ દ્વારા તાલુકા અને ગ્રામ્ય સ્તરે બાલિકા પંચાયતોની રચના અને મજબૂતી માટે વધુ અસરકારક કામગીરી હાથ ધરવામાં આવશે. દીકરીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ અને નિર્ણયક્ષમતા વિકસાવવા માટે બાલિકા પંચાયત એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે.

તાલીમ દરમ્યાન બાલિકા પંચાયત મોડ્યુલના કુલ ૧૫ સત્રોની સમજૂતી આપવામાં આવી હતી. આ સત્રોમાં દીકરીઓના હક્કો અને કાનૂની જાગૃતિ, લિંગ સમાનતા, સ્વાસ્થ્ય અને પોષણ, શિક્ષણનું મહત્વ, બાળલગ્ન પ્રતિબંધ, સાયબર સુરક્ષા, જીવન કૌશલ્ય વિકાસ અને નેતૃત્વ ક્ષમતાના વિકાસ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા. તાલીમ પદ્ધતિમાં રમત-ગમત, જૂથ ચર્ચા, પ્રસ્તુતિ, રોલ-પ્લે અને પ્રયોગાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી તાલીમ વધુ રસપ્રદ અને અસરકારક બની રહે.

તાલીમ દરમિયાન વિષય નિષ્ણાતો દ્વારા પ્રયોગાત્મક ઉદાહરણો સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સહભાગીઓએ પણ પોતાના ક્ષેત્રના અનુભવો રજૂ કર્યા હતા, જેના આધારે ચર્ચા અને વિચાર-વિમર્શ દ્વારા બાલિકા પંચાયતને ગ્રામ્ય સ્તરે વધુ મજબૂત બનાવવા માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

આ ત્રિદિવસીય તાલીમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતના વિભાગોમાંથી કુલ ૮૫ થી વધુ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના સીમર ગામે ખુન કરી નાશી જનાર આરોપીને ગણતરીની કલાકોમા પકડી પાડતી નવાબંદર મરીન પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના સીમર ગામે ફરીયાદ માં જણાવ્યા મુજબ દિનેશભાઇ જગાભાઇ ડાભી રહે. સીમર વાળાના માતા મરણજનાર લક્ષ્મીબેન ઉર્ફે લસુબેન આરોપીના પત્ની હોય જેના ચારીત્ર પર શંકા-કુશંકા કરી મરણ જનાર લક્ષ્મીબેન ઉર્ફે લસુબેન પોતાના ઘરે રસોડામાં રોટલા બનાવતા હતા ત્યારે બોલાચાલી કરી માથાના ભાગે બોથડ હથિયાર (લોખંડનો દસ્તો) ના ચાર-પાંચ ધા મારી ગંભીર જીવલેણ ઇજા કરી મોત નિપજાવી જિલ્લા મેજી. ગીર સોમનાથના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા બાબતેની ફરીયાદ - દિનેશભાઇ જગાભાઇ ડાભી રહે.સીમર વાડી વિસ્તાર તળાવ પાસે તા.ઉના જી.ગીર સોમનાથ વાળાએ ફરીયાદ કરતા નવાબંદર મરીન પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૮૬૦૦ ૩૨૬૦૧૪૯/૨૦૨૬ બી.એન.એસ.કલમ-૧૦૩(૧) તથા જી.પી.એકટ ક.૧૩૫ મુજબ ગુન્હો તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ દાખલ કરવામાં આવેલ જે ગુન્હાની તપાસ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.એલ.જેબલીયા નાઓએ સંભાળેલ ઉના નાઓએ દ્વારા મર્ડરના આરોપીને તાત્કાલીક પકડી પાડવા સખત સુચના આપેલ હોય જે અન્વયે ઉપરોકત સુચના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા સાહેબનાઓની માર્ગદર્શન તથા સુચના મુજબ તથા નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એચ એલ.જેબલીયા નાઓની રાહબરી હેઠળ નવાબંદર મરીન પો.સ્ટે.ના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.રાઠોડ તથા નવાબંદર પોલીસ સ્ટાફ. ની અલગ-અલગ ટીમો બનાવી આરોપીને પકડી પાડવા માટે હ્યુમન રીસોર્સ તેમજ ટેકનીકલ એનાલીસીસથી માહિતી એકત્ર કરતા સૈ.રાજપરા ઓ.પી બીટના ઇન્ચાર્પો.હેડ.કોન્સ.મનુભાઇ લાખાભાઇ તથા પ્રધુમનસિંહ માનસિંહને ખાનગી બાતમીદારો દ્વારા મળેલ હકીકત આધારે નીચે જણાવેલ વિગત મુજબના આરોપીને સીમર ગામે થી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.આરોપીનુ નામઃ-(૧) જગાભાઇ જીણાભાઇ ડાભી ઉ.વ.૫૦ ધંધો. મજુરી રહે. સીમર ગામ વાડી વિસ્તાર તળાવ પાસે તા.ઉના જી.ગીર સોમનાથ પકડી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરી નવાબંદર પોલીસે

# મોરબી જીલ્લામાં એક જ દિવસે અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા અને વાંકાનેર વિસ્તારમાં ગઈકાલ તા.૦૨/૦૩ના રોજ ત્રણ અલગ-અલગ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. મોરબી તાલુકાના કારખાનામાં કામ દરમિયાન મોત નિપજ્યું, જ્યારે એક રાજકોટના યુવકનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ ઉપરાંત વાંકાનેર સીટી વિસ્તારમાં કારખાનામાં મજુરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ પોલીસે અકાળે મૃત્યુ પામેલ ત્રણેય બનાવમાં અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકાના નવા સાદુળકા સ્થિત કલોરીસ કોટીંગ કંપનીમાં કામ કરતા મોહનભાઈ રામકુમાર યાદવ ઉવ.૩૦ ગઈકાલે તા.૦૨/૦૩ના રોજ સવારે કામ દરમ્યાન ચાલતા ચાલતા અચાનક પડી જતા બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક રીતે અચાનક તબિયત બગડતા પડવાથી મોત થયું હોવાનું સામે આવ્યું છે. બીજા અમૃત્યુના બનાવમાં રાજકોટના મોટી વાવડી વિસ્તારમાં રહેતા પ્રિતકુમાર નંદલાલ ભાલોડીયા ઉવ.૨૭નું મોરબીના લક્ષ્મીનગર બાયપાસ ઓવરબ્રિજ પાસે વાહન અકસ્માતમાં ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલ મોરબી ખાતે ખસેડાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં વાંકાનેરના વઘાસીયા ગામની સીમમાં આવેલી ટી.આર. રિફ્રેક્ટરીઝ ફેક્ટરીમાં કામ કરતા મુન્નાભાઈ રામચંદ્ર ભીલ ઉવ.૨૩ મૂળ રાજસ્થાનના રહેવાસીએ કોઈ કારણસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ત્રણેય બનાવોમાં પોલીસ દ્વારા ઈન્કવેસ્ટ પંચનામાં સહિતની કાર્યવાહી પૂર્ણ કરી અ.મોતની નોંધ રજીસ્ટર કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી મનપાની ફૂડ શાખાનું ૨૪ હોટલ-રેસ્ટોરન્ટમાં નિરીક્ષણ, ૧૬ વેપારીઓને નોટિસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ તા.૨૭/૦૨ના રોજ શહેરની ૨૪ હોટલ, રેસ્ટોરન્ટ અને બેકરીમાં ચેકિંગ હાથ ધર્યું હતું. નિરીક્ષણ દરમિયાન વાસી ખોરાક, એક્સપાયરી ડેટ વાળા પદાર્થો અને અખાદ્ય કલર મળી આવતા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુ બેદરકારી રાખનાર ૧૬ વેપારીઓને નોટિસ પાઠવાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ સેફટી ઇન્સ્પેક્ટર ટીમ દ્વારા શહેરના રવાપર રોડ, નાસ્તાગલી સહિતના વિસ્તારોમાં હોટલ-રેસ્ટોરન્ટ, બેકરી, ડેરી અને મીઠાઈના દુકાનોમાં ખાદ્ય પદાર્થોની ચકાસણી કરવામાં આવી હતી. કુલ ૨૪ ખાણીપીણીના ધંધાર્થીઓ પાસે લાયસન્સ, સ્વચ્છતા, ફૂડ સેફટી નિયમો, વાસી ખોરાક, એક્સપાયરી ડેટ, અખાદ્ય કલર વગેરે મુદ્દે તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન શ્રી ગુરુ કૃપા ચાઈનીઝમાંથી વાસી મન્ચુરિયન તથા એક્સપાયરી તારીખ પૂર્ણ થયેલ ચાઈનીઝ સોસ મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરાયો હતો. સહારા ચાઈનીઝ અને હરિઓમ ફરસાણમાંથી વધુ પડતા અખાદ્ય કલરનો ઉપયોગ થતો જણાતા તે પણ નષ્ટ કરવામાં આવ્યો હતો. જ્યારે રવાપર રોડ પર આવેલી T.G.B.માંથી એક્સપાયરી ડેટ વગરનો માલ મળતા તેનો પણ સ્થળ પર જ નાશ કરાયો હતો.

ફૂડ લાઈસન્સનું રજિસ્ટ્રેશન ન કરનાર તેમજ વધુ બેદરકારી રાખનાર ૧૬ વેપારીઓને નોટિસ પાઠવી કડક ચેતવણી આપવામાં આવી છે. આગામી સમયમાં ચેકિંગ કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે તેવી જાણ ફૂડ સેફટી ઇન્સ્પેક્ટરે કરી હતી. સાથે જ તમામ ખાણીપીણીના ધંધાર્થીઓને અનહાઈજેનિક અને વાસી ખોરાકનો ઉપયોગ ન કરવા, અખાદ્ય કલર ટાળવા અને ફૂડ લાઈસન્સ ઓનલાઈન પ્રક્રિયા દ્વારા અનિવાર્ય રીતે મેળવવા તાકીદ કરવામાં આવી છે.

# મોરબીમાં કારના કાચ તોડતી ગેંગ વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ

## સી.સી.ટી.વી. ફૂટેજના આધારે બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં કારના કાચ તોડતી ગેંગ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. જુના મહાજન ચોકથી આગળ ટ્રેડ સેન્ટર કોમ્પ્લેક્ષ વાળી શેરીમાં પાર્ક કરેલી સ્વિફ્ટ કારના પાછળનો અને દરવાજાનો કાચ તોડી આશરે રૂ.૧૦ હજારનું નુકસાન કરાયું હતું. ત્યારે કાર માલીકે સી.સી.ટી.વી. ફૂટેજના આધારે બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

મોરબીના નગર દરવાજા નજીક બી.એમ.મામૂજી વાળી શેરીમાં રહેતા એમદભાઈ અસલમભાઈ બાનાણી ઉવ.૩૦ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાયેલી ફરિયાદ મુજબ, તેમણે પોતાની મારુતિ સુઝુકી કંપનીની સ્વિફ્ટ કાર રજી. નં. જીજે-૩૬-એ એલ-૯૭૧૯ તા.૨૮/૦૨/૨૦૨૬ની રાત્રે જુના મહાજન ચોક ટ્રેડ સેન્ટર સામે કુવાળીવારા પીરની દરગાહવાળી શેરીમાં પાર્ક કરી હતી. ત્યારે કારના પાછળના કાચ તથા સાઇડના પાછળના દરવાજાનો કાચ તૂટી ગયાની જાણ થતા એમદભાઈ સ્થળ પર પહોંચી તપાસ કરતાં કારમાંથી કોઈ ચીજવસ્તુ ચોરાઈ ન હોવાનું જણાયું, પરંતુ આશરે રૂ.૨૦ હજારનું નુકસાન થયું હતું. જે બાદ સી.સી.ટી.વી. ફૂટેજ તપાસતા રાત્રિના બાર વાગ્યા આસપાસ બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા આ તોડફોડ કરાયુ હોવાનું સામે આવ્યું હતું.

સોશિયલ મીડિયા મારફતે જાણવા મળ્યું હતું કે જુના મહાજન ચોક વિસ્તારમાં તેમજ મુનનગર ચોક, ચંદ્રેશનગર વિસ્તારમાં પાર્ક કરેલી અન્ય કારોના પણ સમાન રીતે કાચ તોડી નાખવામાં આવ્યા હતા. હ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓનો ધમધમાટ શરૂ

## મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા ગુરૂ-શુક્રવારે લેશે સેન્સ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારો માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરવામાં આવી છે, જેના કારણે કોંગ્રેસ કાર્યકર્તાઓ અને આગેવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પ્રેસ કોન્ફરન્સ સંબોધતા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હવે ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને મજબૂત રણનીતિ સાથે કોંગ્રેસ પક્ષ ચૂંટણી મેદાનમાં ઉતરશે. ચૂંટણી લડવા ઇચ્છુક દરેક ઉમેદવારને ઉમેદવારી ફોર્મ ભરવાનું રહેશે અને તમામ ઉમેદવારોને સંગઠન દ્વારા વ્યક્તિગત રીતે સાંભળવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તારીખ ૫ અને ૬ માર્ચે પ્રદેશના આગેવાનો તથા રાજકોટના પ્રભારી જેનિબેન ઠુંમર અને માનસિંગભાઈ ડોડીયાની ઉપસ્થિતિમાં ચૂંટણી લડવા ઇચ્છુક તમામ ઉમેદવારોને સાંભળવ-ામાં આવશે. ઉમેદવારોના સૂચનો અને અભિપ્રાયો મેળવ્યા બાદ પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠકમાં ઉમેદવારોના નામ અંગે ચર્ચા વિચારણા કરી તે યાદી પ્રદેશ સમિતિને મોકલવામાં આવશે અને ત્યારબાદ અંતિમ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

વધુ માં ડૉ. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ લોકોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને ચૂંટણી લડશે અને શહેરના પાણી, સફાઈ, રસ્તા, ટ્રાફિક અને પાર્કિંગ જેવા મૂળભૂત પ્રશ્નોના ઉકેલ માટે કોંગ્રેસ પક્ષ પ્રતિબદ્ધ છે.

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ‘‘કોંગ્રેસ આપકે દ્વાર - જનતાની વેદના’’ કાર્યક્રમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જઈ લોકો સાથે સીધો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને સામાન્ય નાગરિકોની સમસ્યાઓને નજીકથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં નાગરિકોએ પોતાની વેદના કોંગ્રેસ સમક્ષ રજૂ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકામાં આજે સામાન્ય નાગરિકોના નાના નાના કામ પણ સમયસર થતા નથી અને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં પણ લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોમાં સત્તાધારી પક્ષ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટની પ્રજા હવે સારી રીતે જાણે છે કે લાંબા સમયથી ચાલતા ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર હદ વટાવી ચૂક્યો છે અને વિકાસના દાવાઓ વચ્ચે સામાન્ય નાગરિકોની સમસ્યાઓ યથાવત રહી છે.અને મહાનગરપાલિકા કમિશન મહાનગરપાલિકા બની ગઈ છે.આ વાત રાજકોટની જનતા સારી રીતે જાણે છે અને મને પૂરી ખાતરી છે કે આ વખતે કોંગ્રેસ પક્ષને પ્રજાનો આશીર્વાદ મળશે અને મહાનગરપાલિકામાં કુશાસનની જગ્યાએ કોંગ્રેસ પક્ષ દ્વારા સુશાસન સ્થાપવામાં આવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં હોળી-ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને જાહેર રસ્તાઓ ઉપર રંગો ઉડાડવા સહિતના કૃત્યો પર પ્રતિબંધ

## ૩અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કાયદાની જાળવણી અને અસામાજિક પ્રવૃતિ અટકાવવા જાહેરનામુ બહાર પડાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આગામી ૦૩ માર્ચના રોજ હોળી તથા ૦૪ માર્ચના રોજ ધૂળેટી તહેવાર આવતો હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે નહી તેમજ અસામાજિક પ્રવૃતી અટકાવવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ એસ. જે. ખાચર દ્વારા જાહેરનામું બહાર પાડી જાહેર રસ્તાઓ ઉપર રંગો ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામા અનુસાર મોરબી જીલ્લાના સમગ્ર શહેરી તથા ગ્રામ્ય વિસ્તાર માટે તા. ૦૩-૦૩-૨૦૨૬ થી તા.૦૪-૦૩-૨૦૨૬ સુધી કોઇપણ ઇસમ અથવા ઇસમોને જાહેર રસ્તાઓ ઉપર કોરા રંગ (પાવડર), રંગ મિશ્રિત પાણી, રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગા, કાદવ, કેમિકલ યુક્ત રંગો અથવા તૈલી પદાર્થ કે તૈલી વસ્તુઓ અથવા તેવા કોઇ પણ પ્રકારના પ્રવાહીઓ રાહદારીઓ કે વાહન ચાલકો કે વાહન ઉપર ફેંકવા પર તથા તે માટેના સાધનો લઇ જાહેર રસ્તાઓ ઉપર દોડવા પર કે પોતાના હાથમાં રાખવા પર, કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈ પણ પ્રવૃતિ કરવા પર તેમજ અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનું વર્તન કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.


# વાંકાનેરના મિલપ્લોટ વિસ્તારમાંથી વર્લીના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મિલ પ્લોટ વિસ્તારમાં જાહેરમાં વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી જુગાર રમી રમાડતા આરોપી ફિરોઝભાઇ હશનભાઇ કટીયા ઉવ.૪૩ રહે.વાંકાનેર મીલ પ્લોટ વાળાને જુગાર સાહિત્ય વર્લીફીચરના આંકડા લખેલ એક ચીઠી, બોલપેન તથા રોકડ રૂ.૫૭૦/-સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે વાંકાનેર સીટી પોલીસે આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં નશાકારક ચોકલેટનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ જામનગર જીલ્લામા યુવાધન નશાના કારોબારના કારણે બરબાદ થતુ હોય, શહેરમા પ્રવેશતા નશાકારક પદાર્થ તથા જામનગર જીલ્લામા ચાલતી અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમો વિરુધ્ધ અસરકારક કામગીરી કરવા સૂચના કરેલ.હાલમાં નશાકારક પદાર્થ પકડી પાડવા માટે એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા ઝુંબેશ હાથ ધરવામા આવેલ હોય, લોકો નશો કરવા માટે નવા નવા નુસખાઓ અપનાવતા હોય ગુનેગાર પણ નશો કરનારની માંગ મુજબ ઝેરી વસ્તુઓ પણ વેચવા માંગતા હોય જે અંગે એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સપેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેકટર એલ.એમ.ઝેરના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફના માણસો જામનગર ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગમા રહેલ હતા,દરમ્યાન એસ.ઓ.જી.સ્ટાફના ફીરોજભાઇ ખફી તથા રમેશભાઇ ચાવડા તથા તોસીફભાઈ તાયાણી ને બાતમી મળેલ કે, દરેડગામ મસીતીયા રોડ આલ્ફા સ્કુલ ની સામે આવેલ મોસીમ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ નામની દુકાનના મહમદમોસીમ મહમદમુસ્લીમ સબ્જફરોસ ઉ.વ.૪૦ ધંધો વેપાર, રહેવાસી દરેડ ગામ મસીતીયા રોડ આલ્ફા સ્કુલ ની સામે માલિબેન ચારણ ની ઓરડીમા જામનગર મુળ રહે બિહાર રાજય ગામ દવડી જિલ્લો ખગડીયા વાળો માલીબેન ચારણની ભાડાની દુકાનમાં નશાકારક ચોકલેટ રાખી તેનુ વેચાણ કરે છે જેથી સદર જગ્યાએ જઈ રેઈડ કરતા મજકુર ઈસમની દુકાનમાંથી સેવન મિનાર આયુર્વેદિક ઔષધિ લખેલ નશાકારક ચોકલેટો જે કુલ નંગ-૨૮૦ કુલ કિ.રૂ.૨૮૦ ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને આ બાબતે પંચ બી.ડીવી. પો.સ્ટે. જાણવા જોગ ફરીયાદ દાખલ કરાવી આગળની તપાસ શરૂ કરવામાં આવેલ છે.આ કાર્યવાહી એસ.ઓ.જી.પોલીસ ઈન્સપેકટર બી.એન.ચૌધરી તથા એલ.એમ.ઝેર તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

**રાજકોટ શહેર પોલીસને ઉંઘતી રાખી એસએમસીના ડબ્બા ટ્રેડિંગ પર દરોડો**

# યાજ્ઞીક રોડ પર માધવ કોમ્પલેક્ષમાં નામચીન રાકેશ પોપટ સહિત ત્રણ શખ્સોને દબોચી લેતી SMCની ટીમ

**ગેરકાયદે શેરબજારના સોદા કરી સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાનો ગુન્હો નોંધાયો : વાહન સહિત કુલ રૂ.૧૮.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે : અન્ય છ આરોપીની શોધખોળ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની મીઠી નજર હેઠળ ચાલતી 'સિસ્ટમ'ની ચેનલને તોડવામાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને સફળતા મળી છે. સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીની ટીમે યાજ્ઞીક રોડ પર આવેલા માધવ કોમ્પલેક્ષની ઓફિસ નં.૧૦૮/૧૦૯માં દરોડા પાડી નામચીન રાકેશ પોપટ સહિત ત્રણ શખ્સોને દબોચી લઇ વાહન સહિત રૂ.૧૮.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધાવામાં આવતા બુકી આલંબમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિદિપ્ત રાયની સુચનાથી પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ચાલતા ગેરકાયદે દારૂ-જુગાર અને ડ્રગ્સની બદીઓને ડામી દેવા અલગ-અલગ ટીમો દ્વારા ગુજરાતભરમાં દરોડા પાડી સ્થાનિક પોલીસની મીલીભગતના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવી રહ્યો છે ત્યારે રાજકોટ શહેર પોલીસની કહેવાતી 'સિસ્ટમ'ના કારણે પણ શહેરમાં ખુલ્લે આમ દારૂ-જુગાર અને ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા હોય જેની ફરીયાદો છેક ગાંધીનગર સુધી પહોંચતા એસએમસીની ટીમે રાજકોટ અને રાજકોટની આસપાસના વિસ્તારોમાં ડેરાતંબુ તાણ્યા છે. ત્યારે એસએમસીના પીએસઆઇ વી.એન.જાડેજા અને તેની ટીમના પોલીસ જવાનો દ્વારા ગઇકાલે યાજ્ઞીક રોડ પર ઇમ્પીરીયલ હોટલની સામે આવેલા માધવ કોમ્પલેક્ષમાં ઓફિસ નં.૧૦૮/૧૦૯માં દરોડા પાડયા હતા.

આ દરોડા દરમ્યાન નામચીન રાકેશ ધીરજલાલ પોપટ (રહે.રાજકોટ સાસ્વત બી-૪૦, નિર્મળા રોડ), મુકેશ મીઠા વીરડીયા (રહે.નારાયણનગર મેઇન રોડ, હારમોની કોમ્પલેક્ષ, ફ્લેટ નં.૩૦૨), મહેશ રવજી પરમાર (રહે.ચુનારાવાડ, શેરી નં.૩)ની ધરપકડ કરી એક વાહન, મોબાઇલ, કોમ્પ્યુટર, રોકડ સહિત કુલ રૂ.૧૮.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. એસએમસીની ટીમે પ્ર.નગર પોલીસમાં ઝડપાયેલા આ ત્રણેય શખ્સો તથા મીહિર મનોજ કલ્યાણી (રહે. રાજકોટ જલારામ-૧, યુનિવર્સિટી રોડ, બેબીકેર હોસ્પિટલની બાજુમાં), કમલેશ, અશોક, નટુકાકા, જયદિપ, હિતેન રવી ખાચર સહિત અન્ય છ શખ્સોના પુછપરછ દરમ્યાન નામ ખુલવા પામતા આ શખ્સોની શોધખોળ શરૂ કરી આ તમામ આરોપી સામે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ની કલમ મુજબ ગુન્હો નોંધ્યો હતો કે, રાકેશ પોપટ, મુકેશ વીરડીયા, મહેશ પરમાર, રેડ દરમ્યાન હાજર મળી આવ્યા હતા. તથા અન્ય આરોપી મીહિર કલ્યાણી અને પાંચ ગ્રાહક તરીકે મોબાઇલ નંબરના આધારે તેમાંથી મળેલા વહેવારો મુજબ એક બીજાને મદદગારી કરી પોતાના આર્થીક ફાયદો મેળવવા માટે અગાઉ નક્કિ કર્યા મુજબ પોતાના મોબાઇલ ફોનમાં શેરબજાર માર્કેટની અલગ-અલગ એપ્લીકેશન મારફતે શેરબજારની તેમજ સોના-ચાંદીના ભાવની વઘઘટ જોઇ ઉપરોકત જણાવેલ ગ્રાહકોને તથા અન્ય માણસોને શેરબજારમાં વધુ કમાણી કરી આપવાની ટીપ્સ આપી બેંક એકાઉન્ટ તથા આંગણીયા પેઢી મારફતે પૈસા મેળવી લઇ શેરબજારના કોઇપણ પ્રકારના લાયસન્સ વગર ગેરકાયદેસર સોદાઓ કરી ટેક્સથી બચવા સરકાર સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો. આ ગુન્હાની વધુ તપાસ પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ વી.આર.વસાવાને સોંપવામાં આવી છે.

# રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાનો આજે જન્મદિવસ : શુભેચ્છા વર્ષા

જંગલેશ્વરનુ ઐતિહાસિક ડિમોલેશન આ સિનિયર IPS ના કુશળ નેતૃત્વને કારણે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયેલ : પોલીસ આધુનિકરણની જવાબદારી હોય કે જૂનાગઢ રેન્જ કે પછી પંચમહાલ જેવી પડકારજનક જવાબદારી, રાજ્ય સરકારની કસોટીમાં ફુલ્લી પાસ થયા છે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટના નિર્વિવાદી અને ઓછું બોલી વધુ કામ કરવા માટે જાણીતા પોલસ કમિશનર બ્રજેશ ઝાનો જન્મ દિવસ છે, પૂર્વ સંધ્યાથી જ એડિશનલ ડીજીપી લેવલના આ સિનિયર IPS પર અભિનંદન વર્ષા અવિરત ચાલુ છે. (મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૨૯૮)

B.SC કેમેસ્ટ્રી સાથે સાયન્સ વિષયમાં ડિગ્રી મેળવનાર મૂળ ઝારખંડના વતની એવા ૧૯૯૯ બેચના આ IPS દ્વારા M SC જેવી માસ્ટર ડિગ્રી મેળવી ઇન્ડિયન પોલીસ સર્વિસ પસંદ કરેલ. તેઓએ પોલીસ આધુનિકરણ વિભાગ, હોમ ડિપાર્ટમેટ જેવા વિભાગો સાથે જુનાગઢ રેન્જ વડા અને પંચમહાલની પરિસ્થિતિ કંટ્રોલ કરવા રેન્જ વડા તરીકે રાજ્ય સરકારે મૂકેલ જેમા ફુલ્લી પાસ થયેલ. અમદાવાદમાં કાયદો વ્યવસ્થા સુદ્રઢ કરવા અને સેક્ટર વનની મજબૂત વધુ મજબૂત બને તે માટે તેમને નેતળત્વ અપાયેલ. તાજેતરમાં ગુજરાતના મોટા ડિમિલેશન પૈકીના એક અને રાજકોટના ઇતિહાસના સહુથી મોટા પડકારરૂપ જંગલેશ્વર જેવા વિસ્તારનું વિશાળ ડિમોલેશન તેમના કુશળ નેતળત્વ અને ખૂબ ઠંડા કલેજે કાર્ય કરવાની રણનીતિ અંતર્ગત ખૂબ શાંતિથી પાર પડેલ જે બદલ હર્ષભાઈ સંઘવી અને રાજ્યના મુખ્ય પોલીસ વડા ડો.કે એલ એન રાવે જાહેરમાં નોંધ લેવા સાથે બિરદાવેલ

અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે સોનેરી અવસર

# પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન યોજના અંતર્ગત વિશેષ નોંધણી ઝુંબેશ

૧૮ થી ૪૦ વર્ષની વયના પાત્ર શ્રમયોગીઓ માટે નોંધણી પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલી પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન યોજના અંતર્ગત પાત્ર શ્રમયોગીઓ માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. યોજનાનો લાભ મેળવવા માટે તા. ૧૫/૦૨/૨૦૨૫ થી તા. ૧૫/૦૩/૨૦૨૫ દરમિયાન નજીકના કોમન સર્વિસ સેન્ટર ખાતે આધારકાર્ડ, બેંક ખાતાની પાસબુક તથા મોબાઈલ નંબર સાથે નોંધણી કરાવી શકાય છે.

આ યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવતા અને માસિક રૂ. ૧૫,૦૦૦/- કે તેથી ઓછી આવક ધરાવતા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ જેમ કે બાંધકામ શ્રમિક, ખેતી મજૂર, માછીમાર, આશા બહેન, આંગણવાડી વર્કર, ફેરિયા, ઘરેલુ કામદાર, રિક્ષાચાલક, દૂધ મંડળીના સભ્યો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જે શ્રમયોગીઓ /ના સભ્ય ન હોય તેમજ આવકવેરો ન ચૂકવતા હોય તેવા શ્રમયોગીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે.

યોજનામાં જોડાયા બાદ લાભાર્થીને ૬૦ વર્ષ પૂર્ણ થયા બાદ દર મહિને રૂ. ૩,૦૦૦/- પેન્શન આપવામાં આવશે. પેન્શન માટે શ્રમયોગી દ્વારા માસિક રૂ. ૫૫/- થી રૂ. ૨૦૦/- સુધીનું યોગદાન ભરવાનું રહેશે અને સમાન રકમ કેન્દ્ર સરકાર દ્વારા જમા કરવામાં આવશે.

અસંગઠિત ક્ષેત્રના વધુમાં વધુ શ્રમયોગીઓ આ યોજનાનો લાભ લઈ પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવે તે માટે મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ દ્વારા અનુરોધ કરાયો છે.

# શેરમાર્કેટમાં ટ્રેડીંગ કરી વળતરની લાલચ શરૂઆતમાં પ્રોફીટ બતાવી રૂ.૮૭.૨૦ લાખ ટ્રાન્સફર કરાવી આચરી ઠગાઈ

શહેરમાં વધુ એક વેપારી સાયબર માફિયાની જાળમાં ફસાયા : પોલીસે વેપારીની ફરિયાદ પરથી ગઠીયાઓ સામે ગુનો નોંધી શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતા ખને બે પેઢીઓમાં ફેબિકેશનને લગત લોખંડ અને ગેલ્વેનાઈઝડ પાઈના ટ્રેડીંગનો વ્યવસાય કરતા વેપારીને શેરમાર્કેટમા ટ્રેડીંગ કરી ઉચ્ચ વળતરની લાલચ આપી શરૂઆતમાં પ્રોફીટ બતાવ્યા બાદ રૂ.૮૭.૨૦લાખ ટ્રાન્સફર કરાવી લઈ ગઠીયાએ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મવડી ૮૦ ફૂટના રોડ, સર્વોદય સ્કુલની સામે ફ્લેટમાં રહેતા ડેનીશ નારણભાઈ ડોબરિયાએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે રાધેક્રિષ્ના સ્ટીલ તથા ઋષિકેશ સ્ટીલ નામની પેઢીના પ્રોપરાઈટર છે અને બંને પેઢીનો વહીવટ સંભાળે છે. આ બંને પેઢીઓમાં ફેબ્રિકેશનને લગત લોખંડ અને ગેલ્વેનાઈઝડ પાઈપના ટ્રેડીંગનો વ્યવસાય કરવામાં આવે છે. ગત તા.૦૫/૧૧/૨૦૨૫ના રોજ તેમના મોબાઈલ નંબર ઉપર ૧૩ સ્ટોક શેરીંગ નામના વોટેસએપ ગ્રુપમાં તેને એડ કરવામાં આવ્યો હતો. આ મોબાઈલ નંબર પર એડમીનનું નામ રાહુલ શર્મા જણાવાતું હતું. આ ગ્રુપમાં સ્ટોક અને શેર બજારને લગત મેસેજ દ્વારા વાતચિત થતી હતી. આ રાહુલ શર્માએ તેને મેસેજ કરી પોતે FRANKLIN TEM PLETONમાં ૧૫ વર્ષથી કામ કરતા હોવાનું તથા અમેરીકામાં Wealth Alliance નામથી પેઢી ચલાવતા હોવાની તેમજ શેરમાર્કેટમા ટ્રેડીંગ કરી સારો એવો પ્રોફીટ કમાવવાની લાલચ આપી વિવિધ વોટ્સએપ ગ્રુપમાં વાતચીત કરી એક અજાણી લીંક મોકલી SANDS INV નામની એપ્લીકેશન ડાઉલોડન કરાવી હતી. ત્યારબાદ આ એપ્લીકેશનમાં વેપારીના નામનું ડીમેટ એકાઉન્ટ ખોલાવી વોલેટમાં ફંડ જમા કરાવવાનું કહી વિવિધ બેંક એકાઉન્ટમા કુલ રૂ.૮૭,૨૦,૦૦૦ ટ્રાન્સફર કરાવડાવી લીધા હતા. શેર બજાર લગતના સ્ટોક લે-વેચ કરાવી SANDS INV એપ્લીકેશનના વર્ચુલ વોલેટમા સારો એવો પ્રોફીટ બતાવી વેપારીએ રોકેલ પૈસાનું વળતર બતાવેલ હોય જેથી વેપારીએ ડીપોજીટ કરેલા રૂપિયા સહિતની રકમ વિડ્રોલ ન કરવા દઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સામા કાંઠે ભગવતીપરામાં હોળી પર્વમાં શાંતિ ડહોળવાનો પ્રયાસઃ બે જૂથ વચ્ચે અથડામણ

ત્રણ શખ્સોની અટકાયતઃ યુવકોને સાઇડમાં જવાનું કહેતા મામલો બિચક્યો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામા કાંઠે ભગવતીપરામાં હોલિકા દહન દરમિયાન બે જૂથના યુવાનો વચ્ચે ઘર્ષણ થયું હોવાની ઘટના સામે આવી છે. હોલિકા દહન વખતે અન્ય ધર્મના યુવકોને હિન્દુ યુવાનો દ્વારા સાઇડમાં જવાનું કહેવામાં આવતા બોલાચાલી થતા તેઓ સામસામે આવી ગયા હતા. જોકે સ્થાનિકો દ્વારા બંને સમાજના યુવાનોને છુટ્ટા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન ઉઈક સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને યુવાનોને છુટ્ટા પાડવામાં આવ્યા હતા. જે બાદ પોલીસે ૩ જેટલા યુવાનોની અટકાયત કરી મામલો શાંત પાડ્યો હતો.યુવકોને સાઇડમાં જવાનું કહેતા મામલો બિચક્યો હતો

શહેરના ભગવતીપરા વિસ્તારમાં હોલિકા દહન દરમિયાન શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો હતો. હોલિકા દહન દરમિયાન ત્યાંથી પસાર થતા એક જૂથના યુવકોને સાઇડમાં જવાનું કહેવામાં આવ્યું હતું. જોકે તેઓએ જગ્યા ન આપતા ઘર્ષણ સર્જાયું હતું, પરંતુ સ્થાનિકો દ્વારા બંને સમાજના યુવાનોને છુટ્ટા પાડવામાં આવ્યા હતા. હેતલ પટેલે જણાવ્યું હતું કે, ભગવતીપરા વિસ્તારમાં હોલિકા દહન થઈ રહ્યું હતું તે દરમિયાન એક જૂથના લોકો ત્યાંથી નીકળ્યાં હતા. ત્યારે અન્ય જૂથના યુવાનોએ તેઓને સાઈડમાં રહેવા માટેનું કહેતા બોલાચાલી થઈ હતી.

જે બાદ ૩ યુવાનોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. હાલ શાંતિપૂર્ણ માહોલ છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થતા જ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.જે બાદ પોલીસ દ્વારા ૩ જેટલા યુવાનોને રાઉન્ડ અપ કરી તેઓની અટકાયત કરી હતી.

# રાજકોટમાં 'ડ્રીમ સિટી' એપાર્ટમેન્ટના પાર્કિંગમાં આગ લાગતા ૨૫થી વધુ વાહનો બળીને ખાખ

ફ્લેટમાં ફસાયેલા વૃદ્ધોને સ્ટ્રેચર દ્વારા ફાયર ટીમે રેસ્ક્યુ કર્યા : ૧૦૮ ની ટીમ, પોલીસ અને જીઇબીનો સ્ટાફ ઘટના સ્થળે દોડ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કણકોટ-મવડી મેઈન રોડ પર આવેલા 'ડ્રીમ સિટી'એપાર્ટમેન્ટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની તીવ્રતા એટલી વધુ હતી કે પાર્કિંગમાં પડેલા ૨૫થી વધુ વાહનો જોતજોતામાં આગની લપેટમાં આવી ગયા હતા. સદનસીબે કોઈપણ પ્રકારની જાનહાનિ થયેલ નથી.

મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં શહેરના કણકોટ-મવડી મેઈન રોડ વિસ્તારમાં આવેલ 'ડ્રીમ સિટી' એપાર્ટમેન્ટના E વિંગના પાર્કિંગમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી.

બનાવાની જાણ થતાની સાથે જ મવડી ફાયર વિભાગની ટીમ તત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટના સ્થળે પહોંચી સતત અંદાજે ૩૦ થી ૪૦ મિનિટ સુધી પાણીનો મારો ચલાવી સંપૂર્ણ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે, ફાયર બ્રિગેડ અને ૧૦૮ની ટીમે સમયસર પહોંચી ફ્લેટમાં ફસાયેલા વૃદ્ધોને સુરક્ષિત બહાર કાઢતા મોટી જાનહાનિ ટળી છે.

આગમાં અંદાજિત ૨૫ થી ૩૦ જેટલા ટુ વ્હીલર સાથે ૫ થી ૭ સાયકલ સળગી ગયેલ. આગનું ચોક્કસ કારણ જાણવા મળેલ નથી. સ્થાનિક રહેવાસીઓની મદદથી અંદાજિત ૮ થી ૧૦ વાહનો સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. તેમજ પાર્કિંગમાં પડેલ અંદાજિત ૩૦ થી ૪૦ ફોર વ્હીલર આગથી બચાવી લેવામાં આવેલ. આગ લાગવાથી રહેવાસીઓમાં ફફડાટ મચી ગયો હતો. આગનું વિકરાળ સ્વરૂપને ધ્યાને લઈને ફાયર બ્રિગેડ અને ૧૦૮ની ટીમ બંને ઘટના સ્થળે પહોંચ્યા હતા.

આગ લગતા સાથે જ રહેવાસીઓ દ્વારા ઈલેક્ટ્રિક પાવર બંધ કરી દેવામાં આવ્યો હતો. એપાર્ટમેન્ટના વિંગના ૯ માં માળે રૂમ નં.૯૦૨ના રહેવાસીઓ શોભનાબેન અને ૮ માં માળે રહેતા હેન્ડિકેપ પિન્ટુભાઈ કાલરીયા બંનેને બહાર ન નીકળી શકતા સ્ટ્રેચર દ્વારા રેસ્ક્યુ કરી ૧૦૮ ની ટીમને સારવાર અર્થે સોંપેલ.

# દુબઈમાં ફસાયેલ રાજકોટના ઓર્થોપેડિક સર્જન ડો.મહેશ મારૂના આશ્રય સ્થળ નજીક ધડાકા

તમામ ફ્લાઈટો રદ થતાં પરિવારમાં ચિંતા : રેખાબેન સાથે દુબઇ પ્રવાસે ગયા હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અનેક પ્રવાસીઓ દુબઈમાં ફસાયા છે ત્યારે રાજકોટના જાણીતા ઓર્થોપેડીક ડો. મહેશ મારૂ અને તેમના પત્ની રેખાબેન મારૂ દુબઇના પ્રવાસે ગયા હતા અને હાલ યુધ્ધની પરિસ્થિતિને પગલે ફસાયા છે.ડો. મહેશ મારૂ એક સપ્તાહ પૂર્વે પત્ની સાથે દુબઇના પ્રવાસે ગયા હતા. શનિવારે સાંજે ૭-૩૦ કલાકે તેમની રીટર્ન ટીકીટ હતી. પરંતુ બપોરે બે કલાકે દુબઇની સરકાર દ્વારા ઈમરજન્સી જાહેર કરતા તમામ ફલાઈટ રદ કરવામાં આવી.

ડો. મહેશભાઈ અને તેમના પત્ની હાલ તેમના મિત્ર મારવાડી ગ્રુપના જીતુભાઈ ચંદારાણાના પુત્ર નિશિતભાઈ ચંદારાણાના ઘરે છે. શનિવારે બપોરે ૧-૩૦ કલાકે હોટલમાંથી ચેક આઉટ કર્યા બાદ બીજી હોટલમાં રવિવારે રહેવા ૯૦૦૦ વધારે ભાડુ ચુકવી રહેવું પડ્યું હતું સવારે તેઓ નિશિતભાઈના ઘરે રહે છે. પરંતુ ડરનો માહોલ છ્વાયેલો છે. નિશિતભાઈના ઘરને થોડે દૂર ડ્રોન વિસ્ફોટ થયા હતા જેના કારણે લોકોમાં ભયનો માહોલ છવાયેલ છે. ડો.મહેશભાઈ ફલાઈટ શરૂ થવાની રાહમાં છે. તેઓ વહેલી તકે પોતાના વતન પરત ફરવા ઈચ્છે છે.ડો. મહેશભાઈ મારૂ હાલ રાજકોટમાં મહાવીર સોસાયટીમાં રહે છે અને મોટી ટાંકી ચોક પાસે ૪૨ વર્ષથી પોતાનું ડો. મારૂ ફેક્ચર ઓર્થોપેડીક હોસ્પીટલમાં પ્રેક્ટીસ કરી રહ્યા છે.ડો. મહેશભાઈના બન્ને પુત્રો ચિંતામાં છે અને તેઓને રાજકોટ પરત લાવવા અનેક પ્રવસો કરી રહ્યા છે.

# રાજકોટ સિવિલ હોસ્પીટલના વરિષ્ઠ યુવા તબીબ કયાડાનું નિધન

ડો.હેતલકુમારે કોરોના સમયે ઓટોપ્સી કરી સંશોધન કર્યું હતું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલમાં પંડિત દિન દયાળ (પીડીયુ) મેડિકલ કોલેજના ફોરેન્સિક વિભાગના પૂર્વ એચઓડી ડો. હેતલકુમાર છગ્ગનભાઈ ક્યાડા(ઉંમર વર્ષ ૪૧)નું ગત શનિવારે નિધન થતા સિવિલના તબીબો, સ્ટાફ, કોલેજના વિદ્યાર્થીઓ, સ્વજનો, પરિવારજનોમાં ભારે આઘાત છ્વાયો હતો. ડો.ક્યાડાને એક વર્ષ પહેલા કેન્સર ડિટેક્ટ થતા તેઓની સારવાર ચાલુ હતી. તેઓ વર્ષ ૨૦૦૭થી સિવિલમાં ફરજ બજાવતા હતા.

તેઓએ કોરોના મહામારી વખતે પણ ફરજ બજાવી હતી. કોરોનાથી મૃત્યુ પામેલ હોય તેવા ૩૩ લોકોના મૃતદેહનું ફોરેન્સિક સાયન્સ મુજબ આટોપ્સી કરી મહત્વના તારણો આપ્યા હતા. જેનાથી આ રોગ અંગે વધુ માહિતી સામે આવી હતી અને કોરોના સારવારમાં મદદરૂપ થઈ હતી. આ ઉપરાંત કોરોના કાળમાં જ એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે જવાબદારી નિભાવી હતી.

૨૦૨૪ના વર્ષમાં સિવિલ હોસ્પિટલના એડી.સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરીથી ફરજ તેમને સોંપાઈ હતી. ઉપરાંત તેઓએ મીડિયા કન્વીનર તરીકે પણ ખૂબ જ સારી કામગીરી કરી હતી. તેના પિતા પિતા છગ્ગનભાઈ, માતા મધુબેન, અમેરિકા સ્થિત ભાઈ યોગશભાઈ, પત્ની પ્રવીણાબેન, પુત્ર અનુજ અને પુત્રી રિવાનને કલ્પાંત કરતા છોડીને શનિવારે રાત્રે ડો. ક્યાડાએ અંતિમ શ્વાસ લીધા હતા.

# જેતપૂરના બે ટાબરિયા સુરેન્દ્રનગર રેલ્વે સ્ટેશનેથી હેમખેમ મળી આવ્યા



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના સામાકાંઠા વિસ્તારમાં રહી મજૂરી કામ કરતા બે પરપ્રાંતીય પરીવારના બાળકો ગત સાંજના ગુમ થઈ જતા બંનેની માતાએ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ગુમસુદાની નોંધ કરાવતા પોલીસે તપાસ હાથ ધરતા બંને બાળકો સુરેન્દ્રનગર ખાતેથી મળી આવ્યા હતાં. શહેરના સામાકાંઠા વિસ્તારમાં રહેતા મૂળ બિહારના સોહેલખાન નજીમખાન ઉવ ૬ અને અજીતકુમાર ગિરિજામલ ઉવ.૯ નામના બંને બાળકો ગત સાંજના પોતાના ઘર પાસેથી ગુમ થયા થઈ ગયા હતાં. જેથી બંનેના પરિવારજનોએ બાળકોની શોધખોળ આદરી હતી. પરંતુ મોડી રાત સુધી ક્યાંય ન મળતા અંતે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જઈ ગુમસુદાની નોંધ કરાવી હતી. બાળકો ગુમ થવાની નોંધ થતા જ પોલીસે તરત જ તપાસ હાથ ધરી હતી. ગુમસુદગીની જગ્યાથી બસ સ્ટેન્ડ રેલ્વે સ્ટેશન વગેરે જગ્યાના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા અને બંનેના ફોટા પણ વિવિધ પોલીસ સ્ટેશને મોકલી આપ્યા હતાં.

સુરેન્દ્રનગર રેલ્વે સ્ટેશન હોવાની જાણ થતાં પોલીસે અને બંનેના પરિવારે નિરાંતનો શ્વાસ લીધો હતો. સુરેન્દ્રનગર ખાતે પોલીસે બંને બાળકોને બાળ સુરક્ષા ગૃહમાં રાખ્યા છે.